WEDNESDAY
20•07•2016
વિ. સં. ૨૦૭૨, અષાઢ વદ ૧
પાના : ૧૬+૧૬

# સંદેશ

ભુજ, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને મુંબઇથી પ્રસિદ્ધ થતું દૈનિક

www.sandesh.com twitter.com/sandeshnews facebook.com/sandeshnewspaper કિંમત રૂ.૪.૦૦

## મુંબઈમાં કચ્છી જૈન અગ્રણીના જન્મદિને રક્તદાન કેમ્પ યોજાયો

ભુજ, તા.૧૯

કચ્છી જૈન અગ્રણીના જન્મદિને મુંબઈમાં રક્તદાન કેમ્પના આયોજન સાથે ભુજ તાલુકાના પદ્ધરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. મુળ માંડવી તાલુકાના ડોણના પી.વી.સી. પાઈપ મેન્યુફેક્ચરિંગ કંપનીના જયંત શામજીભાઈ છેડાના જન્મદિને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. મુબઈ ખાતેની મુખ્ય કચેરીના સર્વે કર્મચારીઓએ રક્તદાન કરી ૭૫ બોટલ લોહી એકત્ર કર્યું હતું. ઉપરાંત દાદર પ્લાન્ટમાં ૭૮, હરિદ્વાર સ્થિત પ્લાન્ટમાં ૬૨, ચેન્નાઈ પ્લાન્ટમાં ૨૩ તથા કોલ્હાપુર પ્લાન્ટ ખાતે ૮૭ બોટલ રક્ત એકત્ર કરાયું હતું.